# પ્રકરણ : ૧૦

# 'ઊર્ધ્વમૂલ' (ભગવતીકુમાર શર્મા) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૧૦. : 'ઊર્ધ્વમૂલ' (ભગવતીકુમાર શર્મા) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

## ૧૦.૧. : સર્જક પરિચય :

ભગવતીકુમાર શર્માનો જન્મ ૩૧ મે ૧૯૩૪ ના રોજ સુરત મુકામે થયેલો. તેમના પિતાનું નામ હરગોવિંદભાઈ અને માતાનું નામ હીરાબહેન. બી.એ. સુધીનો અભ્યાસ કરેલો. સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે ઉત્તમ યોગદાન બદલ તેમને ઈ.સ. ૨૦૦૦ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડી. લિટ. (ડૉક્ટર ઑફ લેટર્સ) ની માનાર્હ પદવી અર્પણ થયેલી. ઈ.સ. ૧૯૫૪થી સુરતના પ્રતિષ્ઠિત દૈનિક 'ગુજરાતમિત્ર' ના તંત્રી વિભાગ સાથે સંલગ્ન અને ૧૯૯૪ માં 'ગુજરાતમિત્ર'ના સહાયક તંત્રી તરીકે નિવૃત્ત થયા. ત્યારબાદ પણ આ દૈનિક સાથે સંલગ્ન રહી સક્રિય કામગીરી કરેલી. 'ગુજરાતમિત્ર' નિમિત્તે પ્રગટ થયેલા તેમના તંત્રીલેખો ખાસ્સી પ્રસંશા પામેલા.

ગાંધીજીની હત્યાનો ઘા તેમના પ્રથમ કાવ્યના સર્જનનું નિમિત્ત બને છે. ૧૯૫૩ માં પહેલી વાર્તા 'પતનની એક પળ' પ્રકાશિત થઈ. ૧૯૫૬ માં પહેલી નવલકથા 'આરતી અને અંગારા' પ્રગટ થઈ ત્યારથી માંડી આજ લગી નવલકથા, નવલિકા, નિબંધ, કવિતા, ગઝલ, આત્મકથા, વિવેચન, હાસ્ય-વ્યંગ, અનુવાદ, નાટ્યરૂપાંતર એમ અનેક સાહિત્યસ્વરૂપોમાં સાતત્યપૂર્વક સત્ત્વશીલ અર્પણ કરતા રહ્યા છે.

## ૧૦.૨. : 'ઊર્ધ્વમૂલ' : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

પ્રસ્તુત નવલકથાની પ્રથમ આવૃત્તિ ૧૯૮૧ માં પ્રકાશિત થયેલી. પરંતુ લેખકે આ નવલકથા લેખનનો પ્રારંભ તો ક્યારનો કરેલો. પ્રથમ આવૃત્તિના 'સાત વર્ષના સેવન પછી' શીર્ષકસ્થ નિવેદનમાં લેખક નોંધે છે તેમ ૧૯૭૩ ના અરસામાં તો આ નવલકથાનો પ્રથમ મુસદ્દો લખાઈ ચૂકેલો. પરંતુ લેખકનો રસ ઊડી જતા એ કામ અધૂરું રહે છે. પાંચેક વર્ષ પછી ફરી તેઓ આ નવલકથાને ઘાટ આપવા પ્રવૃત્ત થાય છે. સંજોગાવશાત્ આ નવલકથાને 'ગુજરાતમિત્ર' દૈનિકની રવિવારીય પૂર્તિમાં ધારાવાહી સ્વરૂપે પ્રગટ થવાનો અવસર પ્રાપ્ત થાય છે. ૧૯૮૧ માં આ નવલકથા પુસ્તકાકારે પ્રગટ થાય છે.

નવલકથાનું કેન્દ્રસ્થ પાત્ર છે ક્ષમા. ક્ષમા પોતાની વાત આત્મકથનાત્મક શૈલીએ રજૂ કરે છે. ક્ષમાના વર્તમાનથી નવલકથાનો આરંભ થાય છે. તે 'એકાંત' ના ૨૪ નંબરના ફ્લેટમાં રહે છે. એ સમયનું તેનું જીવન અને તેના મનોસંચલનો આપણને કંઈક અસાધારણ લાગે છે. આરંભના જ પ્રકરણમાં ક્ષમાની એકલતા (Alienation) નો સઘન અનુભવ થાય છે. જુઓ : "એક અંધ અને નબળી પાંખોવાળા ચામાચીડિયા જેવી બની ગઈ છું હું, જે આ દિવાલેથી પેલી દિવાલે માંડ માંડ અકારણ અથડાયા કરે છે. હું જાણું છું કે મને પોતાનામાં જકડી રહેલું આ અસીમ એકાંત ખંડિત થવાનું નથી - કોલબેલનો રણકાર, ટેલિફોનની રિંગ, બારણે ટકોરા, 'ક્ષમા'નું સંબોધન, નજીક આવતો એક પગરવ, ખભા પર ઓચિંતા મુકાતા હાથનો રોમાંચકારી સ્પર્શ, આમાંનું કશું જ સાકાર થવાનું નથી. અસ્તિત્વની ઊંચી ભેખડ પરથી મારું અંગત એકાંત ક્યારનુંય ધકેલાઈ ગયું છે અને અડાબીડ એકલતાની અગાધ ઊંડી ખીણને તળિયે પટકાઈ ખંડ ખંડ થવા વિખેરાઈ રહ્યું છે. હૂંફાળું એકાંત ઠંડીગાર એકલતામાં પલટાઈ જાય એ હવે કદાચ ક્ષણોનો જ પ્રશ્ન છે."[1] કોઈ વ્યક્તિ સમાજની વચ્ચે રહેતી હોવા છતાં આવી નિર્મમ એકલતા અને અસલામતી અનુભવે તો એ તેના વ્યક્તિત્વની અસાધારણતા (Abnormality) જ ગણાય. ક્ષમા આવી ઘેરી એકલતામાં ગરકાવ થઈ ગઈ એની પાછળ કામ કરતા પરિબળો કયાં ? કયાં કારણોસર તે મૃત્યુસમ એકલતા (ઠંડીગાર એકલતા) ના ઓથારતળે જીવે છે ? તેના જીવનમાં એવી કઈ ઘટનાઓ બની છે કે જેના કારણે તેના ચિત્તમાં અસલામતીના બીજ રોપાયા ?

ક્ષમાના જીવનની આસપાસ બનતી ઘટનાઓનું જ પ્રસ્તુત નવલકથામાં નિરૂપણ કરવામાં આવ્યું છે. મનોવિશ્લેષણાત્મક અભિગમની દૃષ્ટિએ ક્ષમાનું બાળપણ અને જે સંજોગોમાં, જે પારિવારિક વાતાવરણમાં તેનો ઉછેર થયો છે એ સમગ્ર કથાપટ અભ્યસનીય અને ક્ષમાના મનોવલણોને સમજવામાં ઉપયોગી પુરવાર થાય તેવો છે. ક્ષમા જે પરિવારમાં ઉછરી હતી તે પરિવારનું વાતાવરણ તંગદિલી ભર્યું હતું. તેના માતા-પિતા વચ્ચે અણબનાવ હતો. આ અણબનાવ માટે ક્ષમાની માતા- માયાના સાગર સાથેના લગ્નેતર સંબંધો કારણરૂપ છે. માયા અને સાગર એકબીજાને ચાહે છે એટલે જ સાગરે લગ્ન નથી કર્યા. માયાના લગ્નેતર સંબંધને કારણે પતિ-પત્ની વચ્ચે સતત ખેંચતાણભર્યા વ્યવહારો રહ્યા છે જેની સીધી અસર ક્ષમાના કુમળા માનસ પર થઈ છે. ક્ષમાના પિતા સ્વભાવે ખૂબ હઠાગ્રહી

અને ક્રોધી હતા. ક્ષમા વારંવાર તેમના આવા સ્વભાવનો ભોગ બનતી રહે છે. તેના પિતા તેને સતત ટોક ટોક કર્યા કરે છે. બાળક તરીકે તેની જે સાહજિક ઇચ્છાઓ છે તેને તેના પિતા વારંવાર અવરોધે છે. એગ્સ પ્રત્યે અપાર સૂગ હોવા છતાં તેના પિતા તેને એગ્સ ખાવાનો આગ્રહ કરતા, ક્ષમાને મોંડે સુધી સૂવું ગમતું પણ તેના પિતા તેને રોજ વહેલા ઊઠવા અને દોડવા જવાનો આગ્રહ કરતા, નિશાળે જવું જ જોઈએ, ફર્સ્ટ રેન્ક મેળવવો જ જોઈએ, નિયમિત આટલા કલાક વાચવું જ જોઈએ, ચોમાસામાં ભીંજાઈએ નહિ એટલે છત્રી જોડે રાખવી જ જોઈએ વગેરે જેવા હઠાગ્રહોને કારણે ક્ષમાની બાળસહજ હસવા-ખેલવાની ઇચ્છાઓનું દમન થતું હતું. પરિણામ સ્વરૂપે ક્ષમાનું બાળમાનસ અચેતન સ્તરે પિતાના વ્યવહાર સામે બંડ પોકારવા લાગે છે. તે જાહેરમાં પોતાની સખીઓ સમક્ષ પોતાના પિતાની નકલ કરે છે; એમના ચાળા પાડે છે. વરસાદમાં ભીંજાવાનું નહિ એવા પિતાના આગ્રહનો વિરોધ કરવા માટે તે જાણી-જોઈને છત્રી ક્યાંક ભૂલી આવે છે. મનોવૈજ્ઞાનિક સંશોધનો અનુસાર કોઈ વ્યક્તિને આપણે ધિક્કારતા હોઈએ તો તેની ઉપસ્થિતિમાં આપણે જાગ્રતપણે તેની સાથે અદબપૂર્વક વર્તતા હોઈએ છીએ. પણ તેની અનુપસ્થિતિમાં જાણ્યે-અજાણ્યે આપણે તેની મશ્કરી કરવાનું નથી ચૂકતા. આ પણ માનસિક તણાવ (Stress) ને હળવો કરવાની (પરપીડનવૃત્તિ જેવી જ) એક બચાવપ્રયુક્તિ છે. ક્ષમા પણ અજાણતા આ જ બચાવપ્રયુક્તિ અપનાવે છે. પણ અહીં તેનો માનસિક તણાવ (Stress) ઘટવાને બદલે બેવડાય છે. કારણ કે અહીં આ બચાવપ્રયુક્તિનો પ્રયોગ તેણે પોતાના પિતા પર કરવાનો છે. તેમની અનુપસ્થિતિમાં એ તેમના હાવભાવની નકલ કરી ભલે તેમનો વિરોધ કરે પરંતુ આખરે એ છે તો તેના જ પિતા ને ! એટલે જ એમની મજાક ઉડાવ્યા પછી તે ખૂદ દુઃખ અનુભવતી અને રડી પડતી. આમ તેનો માનસિક તણાવ (Stress) દ્વિગુણિત થાય છે, ઘૂંટાય છે. આ પરથી આપણે ક્ષમાના મનોભાવો અને તેની મનોવેદનાનું અનુમાન કરી શકીએ.

ક્ષમાના ચરિત્રમાં જે લઘુતાગ્રંથિનો ભાવ વર્તાય છે તે પણ અભ્યસનીય છે. બાળપણથી માંડી નિહારના સપંર્કમાં આવે છે ત્યાં સુધી ક્ષમા બિલકુલ મૌન, કોઈપણ વાતનો પ્રતિભાવ આપતી નથી જણાતી. જાણે મૌન એ જ તેના જીવનનો પર્યાય છે. તે પોતાની વેદનાને, પોતાની પીડાને કોઈ સમક્ષ વ્યક્ત નથી કરી શકતી. નિહાર અને ગૌતમ

એવા બે પુરુષ છે જેમની સાથે તે કશી મોંકળાશથી વાત કરતી થાય છે, પોતાના વિચારોને વ્યક્ત કરતી થાય છે. તેમ છતાં તેમની સમક્ષ પણ તે પોતાના અંતરની વેદનાને તો વ્યક્ત નથી જ કરી શકતી.

ક્ષમાની વેદનામાં ઉમેરો કરે છે તેની મૂલવિહીનતાની સમસ્યા. માતા –પિતા અને સાગર અંકલના ગૂંચવાડા ભર્યા સંબંધોને લીધે પોતે ખરેખર કોનું સંતના છે એ ક્ષમા માટે યક્ષપ્રશ્ન છે. નવલકથામાં આવતા પાત્રો પણ આ જ સમસ્યાથી પીડાતા હોય છે. કુણાલ અને નિહારની મૂલવિહીનતા (Rootlessness) ની પીડા સાથે તે તાદાત્મ્ય સાધે છે પણ પોતેય એ જ પીડામાં આજ લગી સળવળતી રહી છે એ કોઈને જણાવી નથી શકતી. તેની આ વેદના તેના ચિત્તમાં જ ઊકળ્યા કરે છે. મૂલવિહીનતાની સમસ્યા પર લેખકે જે ભાર આપ્યો છે એ સંદર્ભે ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ નોંધે : "૬૩૦ જેટલાં પૃષ્ઠોમાં વિસ્તરતી ભગવતીકુમાર શર્માની ૧૧મી નવલકથા 'ઊર્ધ્વમૂલ' મૂલવિહીનતા-'રૂટલેસનેસ'ની સમસ્યાને કેન્દ્રમાં રાખી રચાયેલી મહત્ત્વાકાંક્ષી કૃતિ છે. લેખકે જે પાત્રો પસંદ કર્યાં છે તે પણ આ સમસ્યાથી ઘેરાયેલાં પાત્રો છે. કથાનાયિકા ક્ષમા જ નહીં, તેના સંપર્કમાં આવતા ડૉ. કુણાલ શાહ, પ્રો. નિહાર વગેરે પણ આ સમસ્યાથી સંતપ્ત છે. આ બૃહત્કાય નવલકથાનો સમગ્ર પ્રપંચ આ સમસ્યાને ઉઠાવ આપવા, તેને તાત્ત્વિક ભૂમિકાએ મૂકી આપવા યોજાયો છે. લેખકને મન આ સમસ્યા એટલી બધી અગત્યની છે કે સમગ્ર કૃતિમાંથી તે વ્યંજિત થતી હોવા છતાં તેઓ તેને એક યા બીજી રીતે ફરીફરી સ્પષ્ટ શબ્દોમાં મૂકતા ગયા છે."[૨] ક્ષમાની આ અવ્યક્ત વેદના જ નવલકથાનું હાર્દ છે. આ સંદર્ભે આ નવલકથાના પ્રસ્તાવનાકાર રઘુવીર ચૌધરી પ્રસ્તાવનાનું જે મથાળું બાંધે છે તે નોંધપાત્ર છે : 'વ્યક્ત ન થઈ શક્યાની વેદના...'

આ ભૂમિકારૂપ અભ્યાસલેખમાં રઘુવીર ચૌધરી નોંધે છે : "આ વ્યથા સમગ્રપણે એક વેદનાનું રૂપ ધારણ કરે છે. ક્ષમા યોગ્ય ક્ષણે એના જીવનમાં વ્યક્ત થઈ શકી હોત તો આ વેદના ન હોત. અને જો એના જીવનમાં નિહારનો પ્રવેશ જ ન થયો હોત તો પોતાના મૂળ સ્રોતને પામવાની મથામણ માત્ર આનુવંશિક કુતૂહલ બનીને રહી ગઈ હોત, તાત્ત્વિક ભૂમિકાએ જઈ ઊભી ન હોત. પણ એ તો લેખકના આયોજનની ખૂબી છે કે વૈયક્તિક અનુભવ આલેખીને વ્યાપક પ્રશ્ન જગવવો."[૩]

ક્ષમા પોતાની લાગણી, પોતાની વેદના કોઈ સમક્ષ વ્યક્ત નથી કરી શકતી એનું કારણ તેની લઘુતાગ્રંથિ છે. છેક બાળપણથી જ તેનામાં આ લઘુતાગ્રંથિએ મૂળ નાખ્યાં છે. તેના જીવનમાં બનતી ઘટનાઓ-દુર્ઘટનાઓએ સતત આ ગ્રંથિને પોષી છે. માતા-પિતાના રોજબરોજના શારીરિક- માનસિક ઝઘડાની એ સાક્ષી બની, તેના પિતા તેને કોઈ સાથે મૈત્રી રાખવાની સખત મનાઈ કરતા. પરિણામે તેની વેદનાને, તેની ભાવનાને સમજી શકે એવા મિત્રોનો સાથ તેને ના મળ્યો. ઓછાબોલી હોવાને કારણે પોતાની સાથે સ્કૂલમાં ભણતી છોકરીઓ સાથે સુમેળભર્યા સંબંધો તે વિકસાવી નથી શકતી. એક વખત ક્ષમા ગણિતમાં ઓછા માર્કે પાસ થઈ. આથી તેના પિતા સ્કૂલના ટીચર્સ સાથે ઝઘડો કરે છે. ત્યારથી સ્કૂલના ટીચર પણ તેના પ્રત્યે અણગમો દર્શાવવા અને તેની ઉપેક્ષા કરવા લાગ્યા. આ ઘટનાને લીધે તેનો લઘુતાભાવ ઘૂંટાય છે. ક્ષમા શાળામાં ભણતી ત્યારે નાશિકના એક પ્રવાસમાં જાય છે. એ આખા પ્રસંગ દરમ્યાન ધીરે ધીરે તેના ચિત્તમાં વિકસી રહેલી લઘુતાગ્રંથિના ભાવો વર્તાય છે. "પણ પ્રવાસમાં હું ભળી ન શકી. શાળામાં મારી કોઈ ફ્રેન્ડ્ઝ ન હતી. બહુ બધા લોકોની વચ્ચે રહેવા હું ટેવાયેલી ન હતી. ટીચર્સ પણ મારા પ્રત્યે બહુ ભાવ રાખતા ન હતા. હું એકલસૂરી, નીરસ, કંટાળો આવે તેવી છોકરી ગણાઈ ગઈ હતી. પ્રવાસમાં પણ હું એ રીતે બધાંથી જુદી પડી ગઈ.....હું લગભગ એકલી – અટૂલી બસમાં છેક છેવાડાની બેઠક ઉપર બેસી રહી હતી....એક એક રૂમમાં ચાર ચાર છોકરા-છોકરીઓને રહેવાનું આવ્યું, મારી સાથે બીજી ત્રણ છોકરીઓ હતી....એમને મારી સાથે રહેવાનું આવ્યું હતું તે જાણીને એમના ચહેરા ઉપર ચોખ્ખો અણગમો વર્તાયો. એમાંની એકે તો એની સાથેની બીજી છોકરીને કહ્યું પણ ખરું : આ ક્યાંથી આપણા રૂમમાં આવી ?"[૪] ક્ષમાના મનની આ સંવાદરૂપી આરસીમાં તેનું ચેતનાજગત કઈ દિશામાં ગતિ કરી રહ્યું છે તેનો સુરેખ નિર્દેશ મળી રહે છે. તેની શાળાના સીનિયર શિક્ષક ફાધર પરેરા તેની આ મનોવેદનાને બખૂબી પારખે છે અને કહે છે : 'તું મનથી બીમાર લાગે છે બેટી !'[૫]

નવલકથાના વાંચન દરમિયાન સતત એવો અનુભવ થયા કરે છે કે ક્ષમા ભયગ્રસ્ત મનોદશાતળે જીવી રહી છે. તે વર્તમાન સમયમાં સતત જે અસલામતીના ભાવો અનુભવે છે તેના મૂળ તેના બાળપણમાં જ પડેલા છે. તેના બાળમાનસ પર તેના પિતાના ક્રોધી સ્વભાવની બહુ ઘેરી અસર પડી છે. પિતાનો ભય સતત તેના ચિત્ત પર ઘેરાયેલો રહેતો

એના કારણે બાળપણમાં તે કોઈપણ બાબત અંગે નક્કર નિર્ણય નહોતી લઈ શકતી અને લોકો સાથે ભળી નહોતી શકતી. તેની આવી ભયગ્રસ્ત મનોદશાનું સુરેખ નિદર્શન બાદલ સાથેના તેના સંબંધમાંથી મળી રહે છે. ક્ષમા એક વખત અગાસી પર વાળ સૂકવવા ગઈ'તી ત્યારે તેના પર અચાનક એક ફૂલ પડે છે. આ ફૂલ ફેકનાર બાદલ હતો. અગાસી પરની એ દિવસની મનને ગમી જાય એવી તેની વર્તણૂક, ક્ષમાના પિતાને પણ લેખામાં ન લે તેવી તેની હિમ્મત-નિખાલસતા, તેનું આખા બોલાપણું વગેરેના કારણે બાદલ પ્રત્યે તે આકર્ષણ અનુભવે છે. તેના પર બાદલનો કેવો પ્રભાવ પડે છે એ દર્શાવતું એક અવતરણ જુઓ : "મેં પેલા છોકરાની સામે જોયું. એના હોઠ પરનું હાસ્ય અકબંધ હતું. તે બોલ્યો : 'તારા પપ્પા ? કોણ છે એ ? કોઈ મોટા પહેલવાન છે ?' કહી એ ખડખડાટ હસી પડ્યો. એના એ શબ્દો સાંભળીને અને એને આમ હસતો જોઈને હું ફરી ધ્રુજી ઊઠી, પણ મારી એ ધ્રુજારીમાં સુખના થોડાક કણ પણ ભળ્યા હતા કે શું ? પપ્પા વિષે મારી સમક્ષ તુચ્છકારપૂર્વક બોલનાર તો આ પહેલી જ વ્યક્તિ હતી. ખુદ સાગર અંકલ પણ મોટે ભાગે તો પપ્પાની અદબ જાળવતા. એકાએક મને થઈ આવ્યું : આ છોકરો બોલી ઊઠે : 'જા કહી દે તારા પપ્પાને જે કહેવું હોય તે ! હું કોઈથી ડરતો નથી – તારા પપ્પાથી તો નહિ જ ! તારા પપ્પા ! છટ્ !'"[૬] છતાં તે બાદલ પ્રત્યે કઠોર વ્યવહાર કરે છે. પહેલી મુલાકાત વખતનો ક્ષમાનો બાદલ સાથેનો વ્યવહાર યોગ્ય છે. કોઈ પણ તરુણી છોકરાના આવા વર્તન બદલ આ રીતે જ વર્તે. બાદલ તેને બીજા દિવસે પણ અગાસી પર આવવા ઈજન આપે છે. આ સમયે તેની તીવ્ર ઇચ્છા હતી છતાં ક્ષમા અગાસી પર નથી જતી એની પાછળનું કારણ છે તેના પિતાનો સ્વભાવ. કોઈ પણ તરુણીને આવા સમયે વડીલોનો ભય લાગે એ સાધારણ બાબત છે. પરંતુ ક્ષમા આ ઘટનાને અતિશય ગંભીરપણે લે છે. તે આ સમયે પોતાની મમ્મીની અંતિમ ક્ષણો વિશે વિચારે છે. તે યાદ કરે છે કે તેની મમ્મીના સાગર અંકલ સાથેના સંબંધને કારણે તેનું મૃત્યુ કેવું ભયંકર બન્યું હતું. આ રીતે બાદલને મળવા અંગેનો નિર્ણય લેવા માટે ક્ષમા સંદર્ભ તરીકે જે પ્રસંગને યાદ કરે છે એના પરથી તેણે અનુભવેલા ભયની અસામાન્યતાનો અને બાદલના પ્રસ્તાવને તેણે કેટલી ગંભીરતાથી લીધો છે તેનો ખ્યાલ આવે છે. બાદલ એકવાર અચાનક જ તેના ઘેર આવી ચડે છે. તે ક્ષમા સમક્ષ પોતાના પ્રેમનો એકરાર કરે છે. પણ ક્ષમા મૌન રહે છે. બાદલ ફરી તેને ક્યારેય ન મળવાનું કહીને ચાલ્યો જાય છે. ક્ષમા

મનોમન બાદલને ચાહવા લાગે છે પણ તે પોતાની લાગણીને અભિવ્યક્ત નથી કરી શકતી. તેના ચેતન માનસ પર છવાયેલો પિતાનો ભય તેને બાદલ પ્રત્યે ખેંચાતા અવરોધે છે. તે બાદલને પત્ર લખે છે તેમાં પોતે બાદલ પ્રત્યે જે પ્રેમભાવ અનુભવે છે તેનો ખ્યાલ તો આવે જ છે સાથોસાથ તેના ચિત્ત પર હાવી થયેલા પિતાના ક્રોધી સ્વભાવના ભયના ભણકારા પણ સંભળાય છે. આમ, બાદલ સાથેના તેના વર્તન-વ્યવહારમાંથી તેના ચિત્તમાં આકારિત થયેલી ભયગ્રંથિ પ્રકાશમાં આવે છે. ક્ષમાનો બાદલ સાથેનો વ્યવહાર અને તેની આવી મનઃસ્થિતિને અનુલક્ષીને ડૉ. પ્રમોદકુમાર પટેલે આપેલું નિવેદન અત્રે ઉલ્લેખનીય છે :

"ક્ષમાની મનોભૂમિકાનો આંતરિક વિકાસ નિકટતાથી જોવા જેવો છે. તારુણ્યના ઉંબરે તે આવી ઊભી ત્યારે તેની પાડોશના એક સોહામણા તરુણ બાદલના પરિચયમાં તે આવી. સ્વાભાવિક રીતે જ બાદલ પ્રત્યે તેના અંતરમાં મુગ્ધ કોમળ પ્રીતિના પ્રથમ અંકુર ફૂટ્યા અને બાદલ તો પોતાનું હૃદય ખોલીને સર્વસ્વ અર્પણ કરવા આવ્યો, ત્યારે ક્ષમા તેનો સ્વીકાર કરી શકી નહિ. તેના મનની કુંઠાઓએ તેના હૃદયને વિસ્તરતાં રોક્યું. અને અપરમાના પ્રપંચના ઓઠા હેઠળ તે તેને જાકારો આપી બેઠી. ક્ષમાએ અસંપ્રજ્ઞપણે જ પોતાનો દ્રોહ કર્યો હતો, ભારે આત્મવંચના કરી હતી. બાદલ જોડેના તેના સંબંધના જન્મ અને લયની આ કથા સ્વયં એક રહસ્યમય માનસશાસ્ત્રીય પ્રશ્ન છે."[૭]

ક્ષમા જે અસલામતી અને ભયગ્રંથિ અનુભવે છે તેમાં બાળપણમાં ગંજુમામાએ તેની સાથે કરેલી બળજબરી પણ કારણભૂત છે. ક્ષમા જ્યારે નાની હતી ત્યારે તે તેની મમ્મી સાથે વારંવાર પોતાના મોસાળમાં જતી. તેના મોસાળમાં તેના એક મામા વિકૃત માનસિકતા ધરાવતા હતા. તેઓ પરણેલા નહોતા. એક વખત કોઈ ના ન દેખતા તે ક્ષમાને ફોસલાવી પોતાની સાથે ગામની સીમમાં લઈ જાય છે. ત્યાં તે ક્ષમા સાથે દુષ્કૃત્ય કરવા લાગે છે. એ સમયે બાળ ક્ષમા રડવા લાગે છે. તેનો રડવાનો અવાજ એક વૃદ્ધ ડોશીમા સાંભળી જાય છે અને તેઓ ક્ષમાને બચાવી લે છે. આ ઘટનાની ખૂબ જ ખરાબ અસર ક્ષમાના ચિત્ત પર થયેલી. ક્ષમા અજાણ્યા પુરુષો સાથે તરત પરિચય નથી સાધી શકતી અથવા તે જે મૂંગી મૂંગી રહ્યા કરે છે તેનું કારણ તેના ચિત્ત પર બાળપણમાં બનેલી આ ઘટનાની ઘેરી છાપનું પણ સૂચન કરે છે. આ અર્થમાં એ ખંડને અપાયેલું શીર્ષક 'સર્પ' ખૂબ સંકેતાત્મક છે. પરંપરાઓથી 'સર્પ' એ કામાવેગના પ્રતીક તરીકે સાહિત્યમાં પ્રયોજાતું આવ્યું છે. અહીં આ

પ્રતીકાત્મકતા દ્વારા ગંજુમામાની કામલોલુપતા પ્રગટ થઈ છે. ગંજુમામાએ તેની સાથે કરેલી બળજબરી બાદ ક્ષમાને વારંવાર સર્પ સપનાંઓમાં આવ્યા કરે છે. બીજી બાજુ આ જ ખંડમાં ક્ષમાની મમ્મી અને સાગર અંકલ ગામડાના છેવાડે વૃક્ષની છાયા હેઠળ એકાંત માણતાં હોય એવા પ્રસંગો નિરૂપાયા છે. એકવખત સાગર અને માયા આવી એકાંત પળો માણતાં હતા ત્યારે અચાનક ક્યાંકથી સાપ નીકળી આવેલો. આ ઘટના પણ સાગર અને માયાના અવૈધ સંબંધ દ્વારા વિકસી રહેલા કામાવેગનું સૂચન કરે છે.

ક્ષમાનો પરિચય આપતા ડૉ. પ્રમોદકુમાર પટેલ નોંધે છે : "મધ્યમ વર્ગની સુશિક્ષિત કુલીન અને વિદગ્ધ પણ સંવેદનશીલ પ્રકૃતિની ક્ષમા અંગત જીવનમાં ભારે વિષમ કરુણ સંજોગોનો ભોગ બની ચૂકી છે. તારુણ્યના ઉંબરે જ માતા – પિતાને, બંનેને, ગુમાવી તે નિરાધાર બની ગઈ; એટલું જ નહિ, બાદલ કુણાલ અને નિહાર એમ ત્રણ પુરુષોના ગાઢ સંબંધમાં તે આવી, અને છતાં એ પૈકી કોઈને ય તે જીવનસાથી તરીકે પામી શકી નહિ. આમ એકાકી અને નિઃસંગ રહી ગયેલી ક્ષમા હવે જ્યારે પ્રૌઢ વયને આરે આવી ઊભી છે ત્યારે તેની વર્તમાન જિંદગીમાં કેવળ હતાશા શૂન્યતા અને વિચ્છિન્નતા જ બચી છે. જિંદગીના ડેડ એન્ડ પર તે જાણે કે આવી ઊભી છે. જો કે, પોતાની આસપાસના પરિવેશને તેમ પોતાના મનના આંતરવ્યાપારોને તીવ્રતાથી ને સૂક્ષ્મતાથી ઝીલી શકે એટલી સંવેદનશીલતા તેનામાં ટકી રહી છે, બલકે વિષમ જિંદગીના આઘાતો પ્રત્યાઘાતો ઝીલીને તે વધુ તીક્ષ્ણ અને વધુ સૂક્ષ્મ બની આવી છે. પોતે સમજણી થઈ એ ક્ષણથી જ પોતાના અસ્તિત્વની નિર્મૂલન ની સમસ્યા સમજવા તે મથામણ કરતી રહી છે; અને તે જે રીતે કુણાલના પત્રમાં અને નિહાર સાથેની ગોષ્ઠીમાં આ વિશે ચર્ચા-વિચારણા કરવા પ્રેરાય છે, અને વળી પોતાની પ્રિય કવિતાઓમાંથી સમાધાન શોધવા પ્રવૃત્ત થાય છે, તેમાં તેની તેજસ્વી મેધા અને વિદગ્ધ રુચિનો પરિચય થઈ જાય છે."[૮]

ક્ષમાના વ્યક્તિત્વ સંદર્ભે બીજી એક એ બાબત પણ નોંધનીય છે કે એ જ્યારે નાની હતી ત્યારથી છૂપાઈ છૂપાઈ મમ્મી-પપ્પાની અંતરંગ વાતો સાંભળતી. એક વખત આવી વાતો સાંભળતા તે પકડાઈ પણ જાય છે. પપ્પા એ દિવસે ખૂબ ગુસ્સે થયેલા. તો એક દિવસ સ્કૂલમાં વહેલી રજા પડી જતા ઘરે જાય છે ત્યાં સાંગર અંકલ અને મમ્મી એકાંત પળ માણી

રહ્યા હતા, પ્રેમાલાપ કરી રહ્યા હતા એ દશ્ય જોઈ જાય છે. તે બરાબર સમજતી કે સાગર અંકલ અને મમ્મી વચ્ચેના સંબંધમાં કેવી નરમાશ કેવી કોમળતા છે ! જ્યારે મમ્મી પપ્પા વચ્ચેના સંબંધમાં કેવી ખેંચતાણ છે ! બાળ ક્ષમા પોતાની નાની આંખથી આવા દશ્યો જુએ તો એના કુમળા માનસ પર તેની અસર થાય એ સહજ છે. આ બધાં સંસ્કારોની અસર એ થઈ કે નાનપણથી જ કામભાવ પ્રત્યે તે વધારે સજાગ થઈ. તેનામાં કામાવેગ તો તીવ્ર હતો પણ અસલામતી, ભય અને સંજોગોને કારણે તે પીછેહઠ કરે છે. બાદલ પ્રત્યે તેને અપાર આકર્ષણ થાય છે પરંતુ તે પોતાની લાગણીને બાદલ સમક્ષ વ્યક્ત નથી કરી શકતી. કારણ કે પ્રેમાંધ થવાનું પરિણામ તેણે પોતાના ઘરમાં જ જોયું છે, પોતાની મમ્મીનું કરુણ મોત. કુણાલ સમક્ષ તે પોતાનું સર્વસ્વ સમર્પવાની તૈયારીમાં જ હતી ત્યાં કુણાલ પોતાના સંતાનની મા બનવાનું નિવેદન કરે છે. ક્ષમા પોતે જ મૂલવિહીનતાનો માનસિક ત્રાસ અનુભવે છે એમાં કુણાલ અને તેના અવૈધ સંબંધથી એક ઓર મૂલવિહીન સંતાનનો જન્મ થાય એ તે નહોતી ઈચ્છતી. આથી તે પીછેહઠ કરે છે. પરંતુ નિહારને તે પોતાનું સર્વસ્વ સોંપી દે છે. આમ, પ્રેમભાવ કે કામભાવ બાળપણથી તેના ચિત્તને ઘેરી લે છે. પરંતુ પિતાના સ્વભાવને કારણે તેનો એ ભાવ રૂંધાય છે. અને એ બાબતે તે અંતર્મુખી બને છે. ખુલ્લીને પોતાની લાગણીને વ્યક્ત નથી કરી શકતી. તેના આવા કુંઠાગ્રસ્ત માનસની ભૂમિકા સ્પષ્ટ કરતાં ડૉ. પ્રમોદકુમાર પટેલ નોંધે છે :

"વાસ્તવમાં મમ્મી માયાદેવી અને પપ્પાના લાગણીમય અને જાતીય સંબંધોની ગૂંચ અને વિષમતાએ શિશુ વયની ક્ષમાના મન પર ઘેરા કારમા આઘાતો પાડ્યા છે. લગ્ન પછીયે મમ્મીની સાગર અંકલ માટેની અનહદ આસક્તિ અને બંનેની એકાંતની ગોષ્ઠિ, મમ્મી સાથેનું પપ્પાનું વાસનાલોલુપ વર્તન, મમ્મીના પુરુષ જોડેના સંબંધના ભાનથી પપ્પાના મનમાં જન્મી પડેલાં રોષ, અસૂયા અને ધૃણા, અને તેને પરિણામે મમ્મી અને પોતાના પ્રત્યેનું કઠોર આઘાતક વર્તન, ઘરના પાળેલા ઘોડા પ્રત્યે પણ એવું જ રોષભર્યું નિર્દય વર્તન અને તેમાં છતી થતી પરપીડનવૃત્તિ, તેમજ મોસાળમાં ગંજુમામાએ અતૃપ્ત વાસનાથી પીડાતાં પોતાની શિશુકાયા સાથે કરેલું અડપલું – આવી નાનીમોટી ઘટનાઓ તેના કુમળા મન પર ઊંડી કારમી ટ્રામેટિક અસરો મૂકી ગઈ છે. જાતીય સુખ સહચારની ઊંડી અલ્પસ્ફુટ ઝંખના કે ઇચ્છા, પુરુષ વ્યક્તિ માટેનું આકર્ષણ અને તેની સાથોસાથ જ જાતીય ભાનમાં

ભળી ગયેલાં ભય સંકોચ, એ જ રીતે સલામતીના અભાવમાંથી જન્મતાં એકલતા અને આત્મવિશ્વાસનો હ્રાસ અને ઊંડે ઊંડે જન્મતી અપરાધબોધની લાગણી – આ સર્વ તેના અજ્ઞાત મનની કુંઠાઓ બનીને તેના આંતર-વિકાસમાં ક્યાંક અંતરાય રચે છે. બાદલ તેની સમક્ષ નિર્મળ પ્રેમનું નિવેદન કરવા આવ્યો ત્યારે તે ભારે સંકોચ અને ડર અનુભવી રહી અને છેવટે આત્મવંચના કરી તે તેનાથી અળગી થવા મથી રહી. પ્રિયજન સમક્ષ પૂરેપૂરું આત્મસમર્પણ કરવાની – અને પૂર્ણતયા પોતાને વ્યક્ત કરવાની – તેની ઝંખના અધૂરી જ રહી ગઈ. ભગવતીકુમારે અહીં આ રીતે ક્ષમાના જીવનની કરુણ કમનસીબ ઘટનાઓ જન્માવવામાં એક મહત્ત્વના પરિબળ તરીકે કામ કરતા તેના કુંઠાગ્રસ્ત માનસની ભૂમિકા ઠીક ઠીક કુશળતાથી નિભાવી છે.”[૯]

ક્ષમાના પિતાનું પાશવીપણું, માતા પર અને અબોલ જીવ - ઘોડા પરના અમાનવીય અત્યાચારો, તેમના તીવ્રતમ કામ-ક્રોધભાવો, પોતાની જાતને બહાદુર માનવાનું અભિમાન, દીકરી ક્ષમાને પોતાનું કહ્યું જ કરવાનું એવો હઠાગ્રહ, પિતાની ઈર્ષ્યાવૃત્તિ, પિતાની લઘુતાગ્રંથિ, માતા-પિતાના અને માતા-સાંગર અંકલના કામસંબંધોને પોતાની નજરે નિહાળવાની વૃત્તિ વગેરે જેવા પ્રસંગોએ ક્ષમાના શિશુમાનસ પર ખૂબ ગંભીર અસર કરેલી. નવલકથામાં વર્તમાન સમયમાં તે જે એકલતા અને અંતર્મુખીપણું અનુભવી રહી છે એ આ બધાં કારણોને લીધે છે. આ બધા એવા પરિબળો છે જેણે ક્ષમાના વિકાસને સાધારણ રીતે વિકસતા અવરોધ્યું છે. ક્ષમાના વ્યક્તિત્વવિકાસ સંબંધે ડૉ. ઋજુતા ગાંધીનું એક નિવેદન અત્રે નોંધપાત્ર છે : “ક્ષમાએ કાચી, ઊગતી વયે,પોતાની નિર્દોષ મમતાની મૂર્તિ સમી, સદાય ભયગ્રસ્ત, ત્રસ્ત રહેતી માતા માયાને પતિના પાશવી જુલ્મ, અત્યાચારનો ભોગ બનતી જોઈ હતી. ક્ષમાના પિતા અતિશય ક્રોધી, કામાંધ, ક્રૂર, ઘાતકી અને જુલ્મી હતા, પાશવી વૃત્તિઓ ધરાવતા હતા. માતા સૂક્ષ્મ સંવેદનશીલ, ઋજુ, સાહિત્યરસિક, તો પિતા abnormal, રાક્ષસી વૃત્તિઓ ધરાવતા હતા, જડ હતા, પરપીડનવૃત્તિમાં રાચતા હતા. ક્ષમાની મમ્મી માયા તેની દુષ્ટતાથી, શારીરિક-માનસિક ત્રાસથી વાજ આવી ગઈ હતી. માતા-પિતાના વિચ્છિન્ન વિષમ દામ્પત્યની સાક્ષી બનતી રહેલી ક્ષમાને નાનપણમાં પોતાની મમ્મીના સાગર અંકલ સાથેના અવૈધ પણ પ્રસન્ન સ્નેહસંબંધોની ઘટનાઓ સાથે પણ જાણ્યે-અજાણ્યે સંડોવાવું પડ્યું હતું. બે પરસ્પર વિરોધી સંબંધોની ઘટનાઓની બાલિકા ક્ષમાના

ચિત્તતંત્ર પર કેવી સારી-માઠી અસર પડતી રહી તેનું ચોટદાર ચિત્રણ નવલકથાકારે કર્યું છે."[૧૦]

## ૧૦.૩. : લઘુતાગ્રંથિ અને પરપીડનવૃત્તિથી પીડાતું પાત્ર – ક્ષમાના પિતા :

મનોવૈજ્ઞાનિક દષ્ટિએ 'ઊર્ધ્વમૂલ' નવલકથાનું બીજું નોંધનીય પાત્ર ક્ષમાના પિતાનું છે. ક્ષમાના પિતા સ્વભાવે આક્રમક અને શંકાશીલ છે. તેમના આવા આક્રમક અને શંકાશીલ સ્વભાવ પાછળ પણ એક મનોવૈજ્ઞાનિક પીઠિકા રહેલી છે. Libido ની ચર્ચા કરતી વખતે મનોવૈજ્ઞાનિકોએ કહ્યું છે કે જેની સાથે કામ-જાતીય-સંબંધ હોય એ બંને પાત્રો પરસ્પર એકબીજા પ્રત્યે માલિકીભાવ ધરાવતા હોય છે. જો આમાંથી કોઈ એક પાત્ર દ્વારા બીજા પાત્રના માલિકીભાવને ઠેસ પહોંચે તો તેનો સ્વભાવ આક્રમક અને પરપીડક બની જાય છે. આ વાતના સમર્થનમાં નવલકથામાં આવતા ગૌતમના પાત્રના વિચારો નોંધીએ : "લગ્નજીવનમાં માલિકીભાવ પ્રવેશે છે, પુરુષ પોતાને સ્વામિત્વનો અધિકારી સમજે છે, સ્ત્રી પઝેસિવ બની એક્સકલ્યુઝીવનેસની અપેક્ષા રાખે છે. એમાંથી ઘર્ષણ જન્મે છે. સ્વામિત્વ, પઝેસિવનેસ, એક્સકલ્યુઝિવનેસની અપેક્ષા એટલે ફરજિયાતપણાનો આરંભ. જ્યાં ફરજિયાતપણું આવ્યું ત્યાં રૂટિન શરૂ થઈ જાય. સ્વૈચ્છિકતા, સ્વાભાવિકતા, તાજગી, કુતૂહલ, રસ એ બધું ક્ષીણ થતું જાય. લગ્નજીવનને આમ ફૂગ બાઝવા લાગે છે."[૧૧] ક્ષમાના પિતાના આક્રમક સ્વભાવ પાછળ પણ આ જ કારણ હશે. તેઓ પોતાની પત્ની માયાના સાગર સાથેના લગ્નેતર સંબંધથી વાકેફ હતા. પત્નીના લગ્નેતર સંબંધને કારણે તેમનો શંકાશીલ સ્વભાવ વધારે ઘૂંટાય છે. દરરોજ ઘરે આવી તેઓ ક્ષમાને પૂછતા આજે ઘરે કોણ આવ્યું'તું ? ક્યારે આવ્યું'તું ? આવા સવાલો પરથી તેમના શંકાશીલ સ્વભાવ અને પોતાની પત્ની પરના માલિકીભાવનું નિદર્શન મળી રહે છે. તેમની આ શંકા એટલી ગાઢ બનતી જાય છે કે હવે આ ક્ષમા કોની દીકરી છે ? એ બાબતે પણ તેમના મનમાં દ્વિધા છે. એક વખત ક્ષમાની હાજરીમાં જ એ પત્ની માયાને કહે છે : "માયા, મને ક્યારેક તો એમ થઈ આવે છે કે, ક્ષમા જાણે મારી દીકરી જ નથી...કોઈક બીજાની......!......આ ક્ષમા ? મારી દીકરી ? છટ્...!"[૧૨]

ક્ષમાના પિતાના સંદર્ભમાં, મનોવૈજ્ઞાનિક અને સાહિત્યિક દષ્ટિએ તેમના ઘોડા સાથે સંબંધિત પ્રસંગ -વર્ણનો ખૂબ જ નોંધપાત્ર છે. ક્ષમાના પિતાના ઘોડા સાથે સંબંધિત પ્રસંગ-વર્ણનોના આધારે તેમના વ્યક્તિત્વને પિછાનવાનો પ્રયાસ કરીએ. પહેલાં એક પ્રસંગ નોંધીએ :

" 'કોઈ આવ્યું હતું ?'

ગાડીને તબેલામાં મૂકી નેપ્કીન વડે પરસેવો લૂછતા લૂછતા ઘરમાં આવી પપ્પાએ મને પૂછ્યું. મને કોણ જાણે કેમ એમનામાંથી ઘોડાની ગંધ આવી. એમની સામે જોઈને મારાથી બોલી જવાયું : 'હા ...સાગર અંકલ આવ્યા હતા' "[૧૩]

ક્ષમા તો એ સમયે બાળક હતી એટલે ઘોડો એ પુરુષની તીવ્ર કામવૃત્તિનું પ્રતીક છે એ તેને ક્યાંથી ખ્યાલ હોય ? આથી 'એમનામાંથી ઘોડાની ગંધ આવી' એ શબ્દોનો બાળસહજ અર્થ ક્ષમાને અભિપ્રેત છે. પરંતુ ભાવક તો ક્ષમાની આસપાસના જગતમાં બનતી અત્યાર સુધીની સર્વે ઘટનાઓથી વાકેફ હોઈ એ શબ્દોનો ધ્વન્યાર્થ પણ સમજે છે. સર્જકની કળાકીય અભિવ્યક્તિનો, શબ્દોને અભિધેયાર્થથી વ્યંગ્યાર્થની કક્ષાએ લઈ જવાની તેમની ક્ષમતાનો અહીં સારો પરિચય થાય છે. તો સાથોસાથ ઘોડાનો સંદર્ભ લાવી 'મનોવૈજ્ઞાનિક પ્રતીક' ના વિશ્વમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. પરંપરાઓથી ઘોડો એ કામવાસના (Sex) નું પ્રતીક ગણાય છે. ઘોડો એ શક્તિશાળી પ્રાણી હોઈ તેને શક્તિનું, બળનું પ્રતીક પણ ગણવામાં આવે છે. પુરુષના સ્ત્રી સાથેના કામસંબંધમાં પણ પુરુષપક્ષે શક્તિ-બળની વિશેષ આવશ્યકતા હોવાથી ઘોડાને પુરુષની જાતીય ઈચ્છાઓનું પ્રતીક ગણવામાં આવે છે. આ સંદર્ભને અનુલક્ષીને જોતાં, પત્ની માયાના લગ્નેતર સંબંધથી ક્ષમાના પિતાની જાતીય ઈચ્છાઓની પરિપૂર્તિમાં અવરોધ આવે છે. માયા પરની તેમની પકડ, તેમનો માલિકીભાવ ઢીલો પડતો અનુભવે છે. પરિણામે તેઓ શંકાશીલભાવે ઘરે કોણ કોણ આવ્યું'તું તેની પૂછપરછ કરે છે. તેમના આવા શંકાશીલ સ્વભાવના મૂળ તેમની જાતીય ઈચ્છાઓની પૂર્તિમાં અવરોધક એવા તેમની પત્નીના પરપુરુષ સાથેના સંબંધોમાં પડેલા છે. આ સંદર્ભે બીજું એક અવતરણ નોંધીએ :

"ઘોડાની હણહણાટી જોર જોરથી સંભળાતી હતી ને તે અટકતી જ ન હતી. તેની આવી હાવળ મેં આ પહેલાં કદી સાંભળી ન હતી....વાતાવરણમાં સોપો પડી ગયો હતો, માત્ર ઘોડાના ચિત્કાર...તબેલાની અંદરના દેખાવે અમને ભયથી થિજાવી નાખ્યાં. ઘોડાના ચારેય પગ દોરડા વડે બાંધેલા હતા અને પપ્પા એક નાનકડું સળગતું લાકડું હાથમાં રાખીને ઘોડાને શરીરે ઠેર ઠેર ચાંપી રહ્યા હતા. ડામ દેવાતાં જ ઘોડો બરાડી ઊઠતો હતો અને દોરડાં તોડવા માટે ચારે પગે ઊછળતો હતો, પણ દોરડા કચકચાવીને બાંધેલાં હતાં. ઘોડો કોઈ પાશવી પ્રાણી જેવો બની ગયો હતો અને તબેલામાં બાળવાર્તાઓમાં આવતા કોઈક રાક્ષસ જેવા....

'તું વચ્ચે ન પડ માયા ! આ સાલો હમણાંનો બહુ બગડી ગયો છે...એને તો ડામ દીધે જ સીધો થાય તેમ છે...ન પૂરું કામ આપે છે...ન કાબૂમાં રહે છે....' "[૧૪]

ક્ષમાના પિતાનો ઘોડા સાથેનો અમાનુષી વ્યવહાર અહીં આપણને તેમના કામતપ્ત મનોજગતના ઈંગિત આપે છે. "આ સાલો હમણાંનો બહુ બગડી ગયો છે....ન પૂરું કામ આપે છે...ન કાબૂમાં રહે છે...."[૧૫] માયા સાથેના તેમના આ સંવાદ પરથી તેમની કામતપ્ત અને પત્નીના લગ્નેતર સંબંધથી વાકેફ એવા પુરુષની ઈર્ષા- ક્રોધસભર મનોદશાનો ખ્યાલ આવે છે. તેઓ માયાને જે સ્પષ્ટપણે કહેવા માગે છે તે ઘોડાના અનુસંધાનમાં અહીં કહી દે છે. માયા તેના પતિની કામવૃત્તિઓને સંતોષવા માટે આનાકાની કરે છે, તેમની કામેચ્છાઓને સંતોષવાને સાનુકૂળ રીતે સંતોષવાને બદલે એ તેનાથી દૂર ભાગે છે. ઉપરથી માયા સાગર સાથે કોઈ પણ જાતની બાંધછોડ વિના વર્તે છે આ બધું જાણતો માયાનો પતિ ક્રોધે ભરાય એ સાહજિક છે. રોજના કંકાસ અને મારઝૂડથી ત્રસ્ત માયા હવે તેમની જોહુકમી અને તેમના પાશવી વર્તનને અનુકૂળ રહેવાને બદલે બેફીકર બનીને પોતાને જેમ ગમે તેમ વર્તવા લાગે છે. રોજ સાગર ઘરે આવે છે તેની સાથે પ્રણય, પ્રણયગોષ્ઠિ કરે છે. માયાના પતિને પણ ખ્યાલ આવી ગયો છે કે મારા માર અને આક્રોશની માયા પર કશી અસર નથી થતી, તે હવે ગમે તેવી પીડા સહન કરી લે છે અને વિરોધ પણ નથી કરતી. આથી તેમનો બધો આક્રોશ એક અબોલ પ્રાણી પ્રત્યે Divert થઈ જાય છે, જે તેમના મારથી પીડા

અનુભવે છે અને હણહણે છે. ઘોડાની પીડા અને હણહણાટથી તેમનો માયા પ્રત્યેનો આક્રોશ ઠંડો પડે છે.

ડૉ. ઋજુતા ગાંધી પોતાના ‘વિકાસના ત્રીજા તબક્કાની નવલકથા : ‘ઊર્ધ્વમૂલ’’ નામના અભ્યાસલેખમાં ક્ષમાના માતા-પિતાના વ્યક્તિત્વની તુલના કરતાં નોંધે છે : “ક્ષમાએ કાચી, ઊગતી વયે પોતાની નિર્દોષ મમતાની મૂર્તિ સમી, સદાય ભયગ્રસ્ત, ત્રસ્ત રહેતી માતા માયાને પતિના પાશવી જુલ્મ, અત્યાચારનો ભોગ બનતી જોઈ હતી. ક્ષમાના પિતા અતિશય ક્રોધી, કામાંધ, ક્રૂર, ઘાતકી અને જુલ્મી હતા, પાશવી વૃત્તિઓ ધરાવતા હતા. માતા સૂક્ષ્મ સંવેદનશીલ, ઋજુ, સાહિત્યરસિક, તો પિતા abnormal, રાક્ષસી વૃત્તિઓ ધરાવતા હતા, જડ હતા, પરપીડન વૃત્તિમાં રાચતા હતા. ક્ષમાની મમ્મી તેમની દુષ્ટતાથી, શારીરિક-માનસિક ત્રાસથી વાજ આવી ગઈ હતી”[૧૬] અહીં ક્ષમાના પિતા માટે જે વિશેષણો વાપરેલા છે અભિધાસ્તરે યોગ્ય છે, નવલકથામાં ક્ષમાના પાત્ર દ્વારા પણ આ બાબતને પુષ્ટિ મળે છે. પરંતુ મનોવિશ્લેષણાત્મ દૃષ્ટિકોણથી જોતાં ડૉ. ઋજુતા ગાંધીના પ્રસ્તુત અવતરણમાં ક્ષમાના પિતાના પાત્રત્વને હાનિ પહોંચી હોય એવું જણાય છે. એ ક્રોધી હતા, એ કામાંધ હતા, એ હઠાગ્રહી હતા એ બધી વાત સાચી; પણ કોઈ માણસ જન્મથી જ આવા અવગુણ જોડે લઈને નથી આવતો. પરિવાર, સમાજ અને આસપાસના પરિવેશ દ્વારા તેને જે અનુભવો થાય છે એ મુજબ તેના ચિત્તને દિશા મળે છે અને એ રીતે તેના ભાવિ જીવનની વર્તણૂક નિર્ધારિત થાય છે. ચોર જન્મથી જ ચોર નથી હોતો. સામાજિક વાતાવરણ તેને ચોરી કરવા સુધી દોરી જાય છે. એવી જ રીતે ક્ષમાના પિતાના આવા સ્વભાવ માટે પણ કોઈકને કોઈક રીતે આસપાસનું વાતાવરણ જવાબદાર છે. એમાનું એક બહુ મોટું પરિબળ તો તેની પત્ની માયા જ છે. માયા આપણને ઋજુ, સાહિત્યરસિક, સંવેદનશીલ લાગે એ એના સારા પાસાં છે તો લગ્ન પછી પણ એ પરપુરુષ જોડે સંબંધ રાખે એ એનો પતિ કેમ સાંખી લે ? આગળ કહ્યું તેમ કોઈ પણ સ્ત્રી-પુરુષ પરસ્પર સંબંધ જોડાય એટલે આપોઆપ એકબીજા પ્રત્યે સ્વામિત્વની ભાવના અનુભવે છે. કોઈ એક દ્વારા સંગાથીની સ્વામિત્વની ભાવના દુભાય તો તરત જ સંગાથી પાત્રમાં આક્રોશ, હઠાગ્રહ વગેરે જેવા ભાવો દેખાય. ક્ષમાના પિતાના સંબંધમાં પણ આવું જ બન્યું છે એટલે તેમના આવા સ્વભાવ માટે તેઓ

પોતે જેટલા જવાબદાર છે એટલા જ, એથીયે વિશેષ સમાજ અને તેમની પત્ની માયા જવાબદાર છે.

માયાના મૃત્યુ બાદ તેના પતિ વિદુલા નામની એક સ્ત્રીને ઘરે લઈ આવે છે. આ વિદુલા થોડો સમય ઘરમાં રહે છે અને એક દિવસ મોકો મળતા તે ઘરની બધી કિંમતી વસ્તુઓ અને રોકડ રકમ લઈને નાસી જાય છે. એ પ્રસંગ બન્યો એ રાતની ઘટના નોંધીએ : "ઘોડાના બંધાયેલા પગ પરથી મારી નજર એના શરીર ઉપર નોંધાઈ. એ ક્ષણ મારા ઉપર સૂરજના ધગધગતા ગોળાની જેમ તૂટી. એ દશ્ય મારી આંખોમાં સળિયાની માફક ભોંકાયું. મેં જોયું તો ઘોડાની પેશાબ કરવાની જગ્યા અડધી ચિરાઈને લબડી પડી હતી ને ત્યાંથી ધડેડાટ લોહી વહી રહ્યું હતું. પાસે જ જમીન ઉપર એક લાંબો ચપ્પુ પડ્યો હતો – લોહીથી તરબતર."[૧૭] ઘોડા સાથેના ક્ષમાના પિતાનો આવો ક્રૂર અને અમાનુષી વર્તાવ આપણને અરેરાટીનો અનુભવ કરાવે એવો છે. અહીં નિરૂપાયેલ ઘોડાના લિંગછેદની આખી ઘટના પ્રતીકાત્મક છે. ઘોડાના લિંગછેદની ઘટના ખરેખર તો પોતાના લિંગછેદની અને એ રીતે પોતાની લૈંગિક ઇચ્છાઓને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાની તેમની મનસાને પ્રગટ કરે છે. કારણ કે આ લૈંગિક ઇચ્છાઓને કારણે જ તેઓ હંમેશાં માયા સાથે ઝઘડતા રહ્યા. માયાના મૃત્યુ બાદ, આ લૈંગિક ઇચ્છાઓને સંતોષવાના હેતુથી જ તેઓ વિદુલાને પોતાને ઘેર લાવે છે. પતિ તરીકે પોતાની હયાતી હોવા છતાં માયાએ પરપુરુષ સાથે સંબંધ રાખ્યો હતો એનો આક્રોશ તો હતો જ ત્યાં વિદુલા પણ પોતાની એષણાઓને સંતોષ્યા વિના બધું ચોરાવીને નાસી છૂટે છે. આથી પોતાના પૌરુષત્વને લઈને તેનામાં લઘુતાગ્રંથિ બંધાય છે. લઘુતાગ્રંથિમાંથી જે પરપીડનની વૃત્તિ જન્મે એનું પરિણામ ઘોડાના લિંગછેદની ઘટનારૂપે આવ્યું છે. આ રીતે અહીં ઘોડો એ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ પણ તીવ્ર કામભાવનાનું પ્રતીક બનીને આવે છે. ક્ષમાના પિતાના પાત્રની જે મનોવૈજ્ઞાનિક અને સંકુલ ગૂંચો છે તેને ઘોડાના પ્રતીક દ્વારા સરસ ઉઠાવ મળ્યો છે.

## ૧૦.૪. : કુણાલ-નિયતિની સમસ્યા અને ક્ષમા :

ક્ષમા પ્રસંગોપાત્ ડો. કુણાલના સંપર્કમાં આવે છે. માતા-પિતાના મૃત્યુના આઘાતથી ક્ષમા માનસિક રીતે ભાંગી પડે છે. આવા સમયે ડો. કુણાલ તેની મદદે આવે છે. કુણાલ ક્ષમાની મનઃસ્થિતિને બરાબર પારખી લે છે અને તેની એકલતાને દૂર કરવા પોતાની હોસ્પિટલમાં રિસેપ્શનીશ્ટ તરીકે રાખે છે. આ નિમિત્તે તે કુણાલની પત્ની નિયતિના સંપર્કમાં આવે છે. ક્ષમા નિયતિ અને કુણાલના દામ્પત્યજીવનની અને તે બંનેના વિચાર-વલણોની સાક્ષી બને છે. કુણાલ-નિયતિ નિઃસંતાનપણાની પીડા ભોગવે છે. નિઃસંતાનપણાના લીધે કુણાલ-નિયતિ સદેહે એક જ છત નીચે, એકસાથે જ રહે છે છતાં બંને મનથી એકબીજાથી દૂર-સુદૂર રહે છે. લોકો સામે બંને ખુશ હોવાનો ઢોંગ કરે છે પણ અંદરથી બંને ખૂબ પીડાય છે. સંતાન વિના આ બધાં મોજ-શોખ શું કામના ? કુણાલ અને નિયતિની મનોવેદનામાં મૂળભૂતપણે ભેદ છે. નિઃસંતાનપણાનું કારણ નિયતિની શારીરિક ખોડ છે. પોતાની શારીરિક ખામીના લીધે સંતાન નથી એવી વેદના અનુભવતી નિયતિ લઘુતાગ્રંથિનો શિકાર બને છે. આ સંદર્ભે કુણાલનો નિયતિ માટેનો અભિપ્રાય જુઓ : “નિયતિ માને છે કે બાળકના અભાવ માટે, હું તેને જવાબદાર ગણું છું. બેઝિક ફેક્ટની રીતે જોઈએ તો નિયતિ કારણરૂપ છે. પણ હું એટલો ક્ષુદ્ર નથી કે નિયતિનો દોષ કાઢી એ માટે તેની ઉપેક્ષા કે તિરસ્કાર કરું. હું પોતે ડોક્ટર છું, વિજ્ઞાનની મર્યાદાઓ સમજું છું. નિયતિમાં જ એક ગિલ્ટ કોમ્પ્લેક્સ - ગુજરાતીમાં શું કહો છો તમે ? - હા. અપરાધગ્રંથિ બંધાઈ ગઈ છે, તેમ તેમ તેની પીડા વધતી જાય છે. અને હું લાચાર છું. કાંઈ જ કરી શકતો નથી...”[૧૮]

એક દિવસ કુણાલને ત્યાં લગ્નની વર્ષગાંઠ નિમિત્તે પાર્ટીનું આયોજન કરવામાં આવેલું. કુણાલે પોતાના દવાખાનામાં નોકરી કરતી નિયતિને પોતાને ઘેર જઈ પત્ની નિયતિને પાર્ટીના આયોજન માટે મદદ કરવા કહ્યું. ક્ષમા ઘરે જાય છે અને પહેલીવાર નિયતિને મળે છે. એ સમયે એ બન્ને જે વાતચીત કરે છે, એમાંથી નિયતિના કેટલાંક સંવાદો જોઈએ : “અમને બાળકો નથી.., અમારા મેરેજને બાર વર્ષ થયાં..., ...અમને બાળકો થાય એમ જ નથી..., આઈ એમ વેરી સોરી - મારે તને આ બધું કહેવું જોઈતું ન હતું. હજી તો આપણે પહેલી જ વાર નિરાંતે મળ્યાં છીએ. પણ કોણ જાણે કેમ, હું રહી ન શકી - જાણે

હું તને ઘણાં વર્ષોથી ઓળખતી હોઉં એમ મને લાગ્યું અને...., ક્ષમા, આ બેડરૂમ.... આ ડબલ- બેડ...આ પરદા...આ સજાવટ....બધું મને...મને... હું...આત્મતિરસ્કારથી પીડાઉં છું ક્ષમા ! હું મારી જાતને સખત ધિક્કારું છું...."[૧૯]

ક્ષમા સમક્ષ નિયતિએ કહેલા આ સંવાદોમાંથી તેનો લઘુતાભાવ સ્પષ્ટ થાય છે. આગળ કુણાલ કહે છે તે યોગ્ય જ કહે છે કે નિયતિના ચિત્તમાં ગિલ્ટ કોમ્પલેક્સ ઘર કરી ગઈ છે. તેનો અપરાધભાવ ધીરે ધીરે આત્મપીડન વૃત્તિમાં પરિણમતો જાય છે.

આમ, નિયતિ અને કુણાલ નિઃસંતાન છે. નિઃસંતાનપણાંની આ પીડા એ બંને પાત્રો જે અપરાધભાવ કે આત્મપીડનવૃત્તિ અનુભવે તેનાથી બેવડાય છે, ઘેરી બને છે. એથી યે વધારે પીડા તો એ વાતની છે કે આ બંને પાત્રો વચ્ચેનું દૂરત્વ વધતું જાય છે. બંને પોતાના મનની પીડાને એકબીજા સમક્ષ વ્યક્ત નથી કરી શકતા. આ દૃષ્ટિએ આ ઉભય પાત્રો નિયતિના વ્યક્તિત્વ સાથે સામ્ય ધરાવે છે. નિયતિ પણ પોતાની લાગણીને અભિવ્યક્ત ન કરી શકતી અને પોતાની જાતને કોસ્યા કરતી.

એક બાજુ તેમને નિઃસંતાનપણાંની વેદના છે તો બીજી બાજુ બંનેએ સામાજિક મોભો જાળવી રાખવા હંમેશાં હસતું મોં રાખવું પડે છે. નિયતિ કહે છે તેમ "ધેટ્સ ઓલ, આવી કળા મને સુસાધ્ય છે - મહોરાં બદલવાની. તું જોજે – હવે પછીના બે કલાક સુધી જગતની સૌથી સુખી સ્ત્રીનો હું ખૂબ સફળ અભિનય કરીશ. મહેમાનો છક થઈ જશે, અમારા પ્રસન્ન દાંપત્યજીવનની ઈર્ષ્યા કરશે. હું તેઓના ભોળપણ પર મનોમન હસ્યા કરીશ. મોડી રાત્રે બધો મેળો વીખરાશે...તું પણ ચાલી જશે...અને હું ફરીથી... એકલી..."[૨૦]

નિયતિ જે લઘુતાગ્રંથિ, અપરાધભાવ કે ભયગ્રંથિ અનુભવે છે તેની પાછળ જે મનોવૈજ્ઞાનિક પરિબળો છે એમાંનું એક તે તેના બાળપણની સ્થિતિ અને વર્તમાનની સ્થિતિને જક્સ્ટાપોઝ કરવી તે છે. અત્યારે તે એક ડૉક્ટરની પત્ની છે, હાઈ સોસાયટીમાંથી આવતી સ્ત્રી છે. પરંતુ તેનો જન્મ એક સામાન્ય, મધ્યમવર્ગના પરિવારમાં થયો હતો. આમ, તો તેઓ સાદગીપૂર્ણ અને સુખી જીવન જીવતાં. પરંતુ કુણાલ સાથે લગ્ન કરતાં જ તે એક અલગ જ દુનિયામાં આવી જાય છે. કુણાલની દુનિયા ફ્રેન્ડસ્, પાર્ટીસ્ અને મોર્ડન લાઈફ સ્ટાઈલથી ઘેરાયેલી હતી. એમાં પ્રવેશતાં સાદગીપૂર્ણ જીવન જીવેલી નિયતિ સહેજ સંકોચ અનુભવે એ

સહજ છે. તે પણ કુણાલની દુનિયામાં ભળવાની કોશિશ કરે છે. પરંતુ મનમાંથી પેલાં ભૂતકાલીન જીવનનો સંદર્ભ થોડો ભૂંસાઈ ? આ કારણે તે લઘુતાગ્રંથિ અનુભવે છે. વળી, આ પરિવારને તે જો એક બાળક આપી શકી હોત તો પોતે પોતાની જાતને ધનભાગ્ય માની શકી હોત. પરંતુ વિધિની વક્રતા જુઓ, ત્યાંય તે સફળ ન બની. પરિણામે પેલી જે લઘુતાગ્રંથિ છે એ વધારે ઘેરી બને છે. તેની આ ઘેરી વેદનાનું એક દૃષ્ટાંત જોઈએ : “કુણાલના શરીર દ્વારા હું હવે આનંદ વાંચ્છતી ન હતી, પરિતૃપ્તિ યે નહિ; માત્ર અતૃપ્તિ અને અવસાદના ડંખને આઘો ધકેલવા ઇચ્છતી હતી. સંતાન... એ તો હવે શક્ય જ ક્યાં હતું ? કુણાલનું શરીર તો તે આપી શકે તેમ હતું; હું જ અપાત્ર હતી. મને શોપનહોરના શબ્દો યાદ આવતા હતા : ‘મનુષ્ય સંસારને સંતાન અર્પી દે કે તુરત તેનું સ્થાન કબ્રસ્તાનમાં નિશ્ચિત થઈ જાય છે.’ મારું સ્થાન કબ્રસ્તાનમાં ય નિશ્ચિત ન હતું !”[૨૧]

કુણાલ પણ નિઃસંતાનપણાંની પીડા વેઠે છે. એની વેદના એના જ શબ્દોમાં જુઓ : “‘ બાર વર્ષ થઈ ગયાં લગ્નને અમારાં. નો થ્રિલ ! નો એક્સાઇટમેન્ટ ! બધું બહુ જ વ્યવસ્થિત, પણ માત્ર વ્યવસ્થિત- સારી હૉસ્પિટલ જેવું ! જો...કે મારે આ બધું તને ન કહેવું જોઈએ; કોઈને કહ્યું નથી...માત્ર તને જ...’

...‘એક સ્થગિતતા આવી ગઈ છે લાઇફમાં – જાણે ટ્રાફિક જામ થઈ ગયો છે અને સિગ્નલ ખોટકાઈ ગયાં છે. એક કારણ એ છે, કે સમય નામનું તત્ત્વ અમને ઘસારો પહોંચાડતું વહેતું રહ્યું છે....અને બીજું ...’ ડૉક્ટરે ગાડી થંભાવીને વાક્ય પૂરું કર્યું. ‘અમને બાળક નથી- થઈ શકે એમ જ નથી- નિયતિને કારણે’”[૨૨] આમ, નિઃસંતાનપણાંની વેદના કુણાલ પણ તીવ્રતાપૂર્વક અનુભવે છે તેનો અહીં ખ્યાલ આવે છે. કુણાલ પોતે ડૉક્ટર છે. એટલે તેની વેદના એ છે કે લોકોની વેદના દૂર કરનાર આ ડૉક્ટર પોતાની પત્નીની અને એમ પોતાની જ વેદનાને દૂર નથી કરી શકતો. તે પોતાની પત્નીનું નિઃસંતાનપણું દૂર નથી કરી શકતો એમાં તેનો લઘુતાભાવ જણાય છે.

ક્ષમા અને નિયતિ-કુણાલની સમસ્યા એક જ છે - નિર્મૂલન. ક્ષમાને પોતાના ખરાં પિતા કોણ એ સંદર્ભે અસ્તિત્વપરક મૂલવિહીનતાનો પ્રશ્ન સતાવે છે. તો નિયતિ-કુણાલને સંતાન નથી થતું તેથી મૂળવિહીનતા અનુભવે છે. ક્ષમાને પોતાના અસ્તિત્વના મૂળીયાં

મળતા નથી અને નિયતિ-કુણાલ પોતાના અસ્તિત્વના મૂળીયા સ્થાપી નથી શકતા. આમ, આ બધાં પાત્રોની વેદના એકસરખી જ છે. આવી રીતે નિયતિ-કુણાલના પાત્રોની વેદના નાયિકા ક્ષમાની વેદનાને વળ ચઢાવે છે.

## ૧૦.૫. : નિહાર-ક્ષમાની મનોવેદના : સામ્યતાની દષ્ટિએ :

પિતા, બાદલ અને કુણાલ પછી ક્ષમાના જીવનમાં જે મહત્ત્વનું પાત્ર આવે છે તે છે નિહારનું. નિહારની જે મનોવેદના-મનોવ્યથા છે એ પણ મૂલવિહીનતાની સમસ્યા સાથે સંકળાયેલી છે. કુણાલ-નિયતિ અમેરિકા જતાં રહે છે. ક્ષમાના જીવનમાં ફરી ખાલીપો વ્યાપી વળે છે. આ ખાલીપો દૂર કરવા તે પુનઃ અભ્યાસ કરવા પ્રેરાય છે. તે એમ. એ. કરે છે. પરંતુ જેની પાસે સમય વ્યતીત કરવાનો કોઈ માર્ગ ન હોય એવી વ્યક્તિને વર્તમાન સમય ખૂબ ઝડપથી સરકતો જણાય એ ન્યાયે બે જ વર્ષમાં ક્ષમાએ એમ. એ. ની પદવી મેળવી લીધી. પણ હવે આગળ શું ? ક્ષમા પીએચ. ડી. ના અભ્યાસ અંગે વિચારે છે. તેને ભાષાસાહિત્યમાં વિશેષ રસ હોવાથી એમાં તે પીએચ. ડી. કરવાનું ધારે છે. માર્ગદર્શક તરીકે આ વિષયક્ષેત્રે પોતાનું યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા માર્ગદર્શકની શોધમાં તે છે. ત્યાં તેનો સંપર્ક પ્રો. નિહાર સાથે થાય છે. નિહાર અનાથ છે. તેની ઉંમર ચાળીસેક વર્ષની છે. તે માત્ર ત્રણ દિવસનો હતો ત્યારે દ્વારિકા મંદિરના ઓટલેથી પૂજારીને મળી આવેલો. કોઈ ઈશ્વરશ્રદ્ધાવાળી બાઈએ તેને ઉછેર્યો હતો. બ્રાહ્મણ તેની પાસે ભિક્ષા-ભીખ મંગાવતા. પોરબંદર, દ્વારિકા, સોમનાથ જેવા તીર્થસ્થળોએ તેનું બાળપણ વીત્યું હતું. જેમે તેમે સંઘર્ષ કરતાં કરતાં તે અધ્યાપક બને છે અને એક દિવસ ક્ષમાના સંપર્કમાં મૂકાય છે. તે નોકરી શહેરમાં કરે છે પણ તેને રહેવાનું ગામડાંમાં પસંદ છે. ક્ષમા અને નિહારને શોધછાત્ર અને માર્ગદર્શક તરીકે વારંવાર મળવાનું થાય છે. બંને પાત્રો એકબીજાની વેદનાને મુક્તતાથી વ્યક્ત કરતા તાદાત્મ્યભાવ અનુભવે છે. નિહારને પોતાના અસ્તિત્વના મૂળીયાંનો સવાલ છે. પોતે કોનું સંતાન હશે ? પોતાના માતા-પિતા જીવતા હશે ? તેમણે મને શા માટે ત્યાગી દીધો હશે ? પોતે કોઈ સ્ત્રી-પુરુષના અવૈધ સંબંધથી જન્મેલો હશે ? કે કોઈ વેશ્યાનો દીકરો હશે ? આવી અનેકાનેક શંકા-કુશંકાઓ તેના ચિત્તને ઘેરી વળે છે. તેની જે જીવનલક્ષી ફિલોસોફી છે તે આવા પ્રશ્નોની પાશ્ચાદ્ભૂથી ઘડાયેલી છે. તે જે એકલતા અને અળગાપણું

અનુભવે છે તેમાંથી તેની વેદના છતી થાય છે. તે પણ ક્ષમાની જેમ અંતર્મુખી સ્વભાવ ધરાવે છે. પોતાની વેદના કોઈ સમક્ષ વ્યક્ત કરવામાં તે લાચારી અનુભવે છે અને એવી કોઈ વ્યક્તિએ તેની સાથે સંબંધો પણ નથી વિકસાવ્યા કે જેની સાથે તે આપવીતી વ્યક્ત કરી શકે. આવી એકલતામાં તેને ક્ષમાનો સંગાથ મળે છે. ક્ષમા તેની જે ચિંતા કરે છે તેનાથી તે ક્ષમા તરફ ખેંચાય છે. ક્ષમા પણ પોતાની માનસિક પીડાનું નિહારની પીડા સાથે તાદાત્મ્ય જોતાં તેના તરફ ખેંચાય છે. ક્ષમા કે જેનો પ્રણયભાવ બાદલ અને કૃણાલ સમક્ષ અવ્યક્ત રહ્યો હતો તે અહીં નિહાર સમક્ષ વ્યક્ત થાય છે. નિહારને તે પોતાની સમગ્ર જાત સમર્પી દે છે. નિહારને રક્તપીત્ત થાય છે. નિહારને પોતાનું બાળપણ જ્યાં જ્યાં વીત્યું'તું એ સ્થળો - દ્વારકા, સોમનાથની મુલાકાતે જવાની ઈચ્છા થાય છે. નિહાર ક્ષમાને પણ પોતાની સાથે લઈ જાય છે. સોમનાથના દરિયે બંને એકાકાર થાય છે. નિહારને રક્તપીત્ત થયો છે એટલે તે અત્યાર સુધી તો ક્ષમાને પોતાનાથી દૂર રાખવા પ્રયાસ કરે છે. પરંતુ સોમનાથને દરિયે તે પોતે જ હાર સ્વીકારી, બંને એકબીજાને પ્રેમાશ્રય આપે છે. પણ એ પ્રેમાશ્રય પણ ક્ષણિક નીવડે છે. સોમનાથમાં જ્યાં કૃષ્ણએ દેહોત્સર્ગ લીધેલો ત્યાં નિહાર પણ દેહોત્સર્ગ લઈ નવો જન્મ ધારણ કરવાનું કહે છે. ક્ષમાને સંબોધીને લખાયેલ પત્ર દ્વારા તે પોતાની બિમારી વિશે જણાવતાં દુઃખ સાથે કહે છે : “એક અપરાધનો બોજ, ડંખ મને પીડી રહ્યો છે ક્ષમા ! મેં તને ઘણુંબધું કહ્યું મારા જીવન વિશે, મનોવેદના વિશે અને છતાં કંઈક છુપાવ્યું - એક અંગારા જેવું અથવા લોહીથી દૂઝતું સત્ય. ઘણી મથામણ છતાં હું તને તે કહી ન શક્યો તેથી જ ક્યાંય સુધી અને કેટલીયે વાર - દ્વારિકામાં અને અહીં તને મારી નજીક આવતી ખાળવાના, તને ટાળવાના મેં પ્રયત્નો કર્યા. વિફળ. પછી હું જ વિવશ બન્યો, તને સમુદ્રતટે લઈ ગયો. મારા મન પર શરીર વિજયી બન્યું. દરિયાકાંઠે તેં મને મળસ્કાના અંધકારમાં નિર્વસ્ત્ર જોયો. તારી દષ્ટિ પર જનમભરના ભેગા થયેલા આવેગનું સહજ પડળ હતું. તારી સ્વસ્થ પળોમાં તેં મને એ સ્થિતિમાં જોયો હોત તો ? ...મારી જમણી સાથળ પરનો પતાસા જેવડો, ફદફદી ગયેલા સંતરા જેવો ડાઘ, મારી કમ્મર પરના નાના નાના ડાઘ...અને ધારાં....તે દિવસે દ્વારિકામાં મંદિર પાસે એક કુષ્ઠરોગી ભિક્ષુકને તેં ધુત્કારી કાઢ્યો ત્યારે મેં તને કઠોર શબ્દો કહ્યા હતા, યાદ છે ? ...કદાચ મારા મૂળ પણ ત્યાં... અને તને હું અંગારાનો વારસો આપું ? ...છતાં

એ પળ ન જ ટાળી શકાઈ...કદાચ મારું માણસ હોવું એની બધી નિર્બળતાઓની સાથે બળવત્તર નીવડ્યું..."[૨૩]

અહીં ક્ષમા સમક્ષ પોતાના અસાધ્ય રોગ વિશે ખુલાસો કરે છે. તે ક્ષમાને આ હકીકત ન જણાવી શક્યો એ બાબતે અપરાધભાવ પણ સેવે છે. દ્વારિકામાં ક્ષમા જ્યારે રક્તપીત્તિયા ભિક્ષુકને ધુત્કારે છે ત્યારે નિહાર તેને ખીજાય છે. તેની આ ખીજ અકારણ નથી. મનોવિશ્લેષણશાસ્ત્રની દષ્ટિએ વ્યક્તિમાં પોતાનામાં જે ખામી હોય એવી ખામી બીજી વ્યક્તિમાં જુએ તો એને તેના પ્રત્યે સમભાવ થાય છે. તે બીજી વ્યક્તિની પીડાને સાંખી નથી શકતું. એના પ્રત્યે હમદર્દી જતાવવા પ્રેરાય છે. બીજી બાજુ, નિહાર ક્ષમા પર ખીજાય છે ત્યારે જ આપણને શંકા થવી જોઈએ કે નિહાર અકારણ ક્રોધ કરે એ તો અમાન્ય છે. તો એવી કઈ બાબત છે કે તે પોતાની એટલી બધી સેવા કરતી ક્ષમા પર એક ભિક્ષુક માટે ક્રોધે ભરાય ? ક્ષમાથી તે રક્તપીત્તની હકીકત છુપાવે છે. કારણ કે તે મનોમન ક્ષમાને ચાહે છે. તેને ગુમાવવા નથી માગતો. બીજી બાજુ તે મનોમન ડરે છે કે ક્ષમા જો જાણશે કે મને રક્તપીત્ત થયો છે તો એ મને સ્વીકારી શકશે ? આમ, એક બાજુ ઇડગત ઇચ્છા છે તો બીજી બાજુ ભયવૃત્તિ છે. આમ, એ પોતાના રક્તપીત્ત બાબતે ક્ષમા આગળ ચૂપકીદી સેવે છે એની પાછળ મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે.

નિહાર તો દેહોત્સર્ગ લે છે પણ ક્ષમા ફરી પાછી એકલી પડે છે. તેની એકલતાનો કોઈ અંત નથી. નિહારને પામ્યા પછી ક્ષમા પૂર્ણતાનો અનુભવ કરે છે. પરંતુ એ પૂર્ણતા પણ મૂળીયાંવિહીન નીકળી. તેનો પણ અંત આવી ગયો. નિહાર પણ તેને આ શૂન્યાવકાશસભર જગતમાં એકલી છોડી જતો રહે છે. હવે તેને કશામાં રસ રહ્યો નથી. તે આખો દિવસ પોતાના ઘરમાં ભરાઈ રહે છે. હા, એક મિત્ર છે, ગૌતમ. ગૌતમ પુરુષ છે, પણ તેની સાથે તે મુક્ત મને સંવાદ કરી શકે એટલો જ સંબંધ છે. એ સંબંધને આગળ વધારવામાં ક્ષમાને કોઈ રસ નથી. તે હવે ત્રાસ અનુભવે છે. જીવવા ખાતર જીવતી હોય એવું અનુભવે છે. નવલકથાના અંતે તે ફસડાઈ પડે છે. તેની આંખે અંધારાના ટોળેટોળાં આવે છે. આંખે આવેલો આ અંધકાર તેના ભાવિ જીવનમાં છવાઈ રહેલા અંધકારનું સૂચન કરે છે.

## ૧૦.૬. : 'ઊર્ધ્વમૂલ' ની વિશિષ્ટ કથાગૂંથણી અને રચનાશૈલી :

નવલકથાનું કથાવસ્તુ સરળ અને સાદું છે. નાયિકા ક્ષમાની જીવનવીતી જ કથામાં કેન્દ્રસ્થ છે. નવલકથા આધુનિક યુગમાં પ્રકાશિત થઈ છે, પરંતુ આધુનિક યુગના કથાસર્જકો પરંપરાગત નવલકથાઓની લાક્ષણિકતાઓનો જે વિદ્રોહ કરે છે એનાથી ભગવતીકુમાર શર્મા ઊફરા ચાલે છે. આધુનિક કથાસાહિત્યમાં ઘટનાહ્રાસની બોલબાલા છે. એની સામે ભગવતીકુમાર પ્રસ્તુત નવલકથામાં ઘટનાઓ પર જ વિશેષ ભાર આપે છે. એ રીતે આ ઘટનાપ્રધાન નવલકથા છે. ક્ષમાના જીવનમાં જે નાનામાં નાની પણ એના વ્યક્તિત્વને, તેના આંતરજગતને, તેના ચેતનાવિશ્વને પ્રભાવિત કરે છે એવી પ્રત્યેક ઘટનાને સર્જકે આ નવલકથામાં પૂરતો અવકાશ આપ્યો છે. સર્જકે એકી સાથે ક્ષમાના વર્તમાન જીવન અને ભૂતકાલીન જીવનને સાંકળ્યું છે. નવલકથાનો આરંભ ક્ષમાના વર્તમાન જીવનથી થાય છે. એ કથાદોરમાં આગળ જતાં ક્ષમાના ભૂતકાલીન જીવનની મોતીરૂપી ઘટનાઓ પરોવાય છે. ક્ષમાના સ્મૃતિપટ પર ભૂતકાળમાં તેણે અનુભવેલી છિન્નભિન્નતા, વેદના, વિષાદ પુનઃ છવાય છે, જાણે એ બધાંને તે પુનઃ જીવી રહી હોય એ રીતે. વર્તમાનની વેદના સાથે તેના અતીતની ઘટનાઓ સાથેના સાહચર્યને કારણે ક્ષમાની વેદના અને વિષાદને વળ ચડે છે. જો કે અતીતની આ ઘટનાઓ અકારણ નથી. એ ઘટનાઓને કારણે જ ક્ષમાનું વર્તમાન જીવન અને તેની જીવનશૈલી પ્રત્યે ભાવક સમભાવ, સ્વીકૃતિ અને સંભાવનાઓ કેળવી શકે છે. નવલકથામાં ઘટના પછી ઘટના એવી ઘટનાઓની હારમાળા રચાયેલી છે. આથી, એક બાજુ એક ઘટના પૂરી થયા બાદ હવે શું થશે એવી જિજ્ઞાસાવૃત્તિ સતેજ રહે છે. તો બીજી બાજુ એ ઘટનાની ક્ષમાના માનસ પર શી અસર થઈ એ જાણવાની તાલાવેલી રહે છે. નવલકથાની આવી કથાસંકલના સંદર્ભે ડો. પ્રમોદકુમાર પટેલનું નિરીક્ષણ જોઈએ :

"ઊર્ધ્વમૂલની આકૃતિ અને એના સંવિધાનનો વ્યાપક ભૂમિકાએથી ખ્યાલ કરતાં સૌ પ્રથમ તો એમાં કંડારાયેલાં નાનાંમોટાં પ્રકરણોની વસ્તુસામગ્રી કે ભાવસામગ્રીનો વિન્યાસ અને એ પ્રકરણોનો સંયોજન ક્રમ, એ બે બાબતોને લક્ષવાની રહે. નિકટ જઈને જોતાં તરત સ્પષ્ટ થશે કે એમાં લગભગ અડધોઅડધ પ્રકરણોમાં ક્ષમાની વર્તમાન ક્ષણોની વિભિન્ન ભાવદશાઓ (Moods) આલેખાઈ છે. જ્યારે બાકીનાં બીજાં એટલાં જ પ્રકરણો ક્ષમાની

સ્મરણકથારૂપે તેના જીવનના ત્રણ ભિન્ન તબક્કાના બનાવો રજૂ કરે છે. આ રીતના વર્તમાન અને ભૂતકાળના ટુકડાઓને ભગવતીકુમારે ક્રમમાં એકબીજાની સામે Juxtapose કર્યા છે. કૃતિના સંયોજનની આ વિશિષ્ટ ભાત ખાસ અવલોકન માગે છે."[૨૪] આગળ જતાં પ્રમોદકુમાર પટેલ કેવી રીતે વર્તમાનમાં ચાલતી કથાના તાંતણાં સાથે અતીતના તાંતણાં ભળતા જાય છે એ અને એવી રચનાશૈલીની કૃતિમાં પ્રસ્તુતતા સંદર્ભે વાત કરે છે.

આ સંદર્ભે ડૉ. ઋજુતા ગાંધીનું નિરીક્ષણ પણ અત્રે ઉલ્લેખનીય છે :

"નવલકથાના કથાસૂત્રો સતત અન્યોન્ય સાથે ગૂંથાતાં રહે છે. ક્ષમાની સંવેદનકથાને હૃદયસ્પર્શી બનાવવામાં જ નવલકથાકારનું કૌશલ જણાયા વિના રહેતું નથી. ડૉ. પ્રમોદકુમાર પટેલ જેવા વિવેચક ક્ષમાની, હૃદયસ્પર્શી સંવેદનકથા ઉપસાવવામાં જ, ભગવતીકુમાર શર્માની નોંધપાત્ર સફળતા ગણે એમાં કંઈ નવાઈ પામવા જેવું નથી. ભૂતકાળના સંદર્ભો વર્તમાનના ખડકો સાથે ક્યારેક એવી રીતે Juxtapose થાય છે કે ક્યારેક એનાથી કથારસ વત્તોઓછો ખંડિત થતો લાગવાનો સંભવ છે, પરંતુ ક્ષમાના સ્મરણકોષમાં કલવાઈ, ઘૂંટાઈને એ સંવેદનો સાથે ભૂતકાળની ઘટનાઓ સતત ઓગળતી હોય એવું ભાવકને લાગે, એ રીતે ક્ષમાએ ભૂતકાળની ઘટનાઓને કડીબદ્ધ પ્રગટ કરી છે."[૨૫]

આ નવલકથા આત્મકથનાત્મક શૈલીમાં લખાયેલી છે. નાયિકા ક્ષમા પોતાની વીતકકથા આપણને સંભળાવે છે. વિશિષ્ટ બાબત એ છે કે ક્ષમા આ વીતકકથામાં પોતાના વર્તમાનજીવનને આપણી સમક્ષ મૂકે છે. પોતે વર્તમાનમાં જે સંવેદનો અનુભવે છે તે ભાવક સમક્ષ રજૂ કરે છે. એ વર્તમાન સંવેદનોના સંસ્પર્શથી સ્મૃતિપટ પર છવાયેલા ભૂતકાલીન જીવનના સંવેદનોને પણ ક્ષમા પ્રત્યક્ષવત્ અનુભવે છે અને આપણને એનો અનુભવ કરાવે છે. આવી રચનાશૈલીને કારણે જ ક્ષમાની વર્તમાન મનઃસ્થિતિ સાથે સમભાવ અને તાદાત્મ્ય સાધી શકાય છે. ભૂતકાળમાં તેણે કેવી પીડાઓ વેઠેલી છે એ જો ભાવક ન જાણે તો ક્ષમા વર્તમાનમાં જે વેઠે છે એને પણ ભાવક ન સમજી શકે. કહી શકાય કે ક્ષમાના મનોવૈજ્ઞાનિક વ્યક્તિત્વને સાંગોપાંગ સમજવા માટે આ રચનાશૈલી અનિવાર્ય હતી.

ક્ષમાના જીવનમાં આવતા એક પછી એક પાત્રો ક્ષમાના ચિત્ત પર કેવી છાપ છોડતા જાય છે અને ક્ષમાના ભાવિ જીવનને આકારિત કરતા જાય છે તેની આ રચનાશૈલીને લીધે એક વિશિષ્ટ ભાત સર્જાય છે. વર્તમાનમાં જીવતી ક્ષમા તેના ભૂતકાળ સાથે સંબંધિત દરેક પાત્ર સાથે પુનઃ જીવે છે. પરિણામે તેના વ્યક્તિત્વ વિકાસનો એક આલેખ આપણી સમક્ષ રચાય છે. ક્ષમા વર્તમાનમાં જે ભય, એકલતા, અસુરક્ષા વગેરે જેવા ભાવો અનુભવે છે તેના મૂળીયાં ક્યા છે એનો એક સ્પષ્ટ નકશો આપણી સમક્ષ રચાય છે. ડૉ. ઋજુતા ગાંધી આ સંદર્ભે નોંધે છે : "ક્ષમાની 'સંવેદનકથા'રૂપ આ નવલકથા, આત્મનિવેદનની રીતિથી વિશેષ પ્રભાવક થઈ છે. ક્ષમા પોતે જ અહીં પોતાની આપવીતી રજૂ કરે છે, તેથી આ 'સંવેદનકથા' એની 'વિશ્રંભકથા' પણ બને છે. પોતાનાં મમ્મી-પપ્પા, સાગર અંકલ, બાદલ, નિહાર વગેરે સાથેના એના ભાવપ્રતિભાવો અહીં એ રીતે નિરૂપાયા છે કે એ બધાં સાથેના એના સંકુલ સંબંધોની એક ભાત ઉપસાવવામાં નવલકથાકારને સફળતા મળી હોય એમ સ્પષ્ટ જણાય છે. ક્ષમાના સંબંધોનું કલાત્મક ભાવવિશ્વ એ જ અહીં ભાવકો માટે રસનો મુખ્ય વિષય બની રહે છે."[૨૬]

નવલકથામાં ક્ષમાની સંવેદનાની ધાર કાઢવા માટે ક્યાંક ક્યાંક કાવ્યપંક્તિઓ પણ મૂકવામાં આવી છે. મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ એ પંક્તિઓ ક્ષમાના સંવેદનોને પામવા અભ્યસનીય છે. પરંતુ ક્યાંક ક્યાંક એવું લાગે છે કે એ પંક્તિથી ક્ષમાની પીડાનો માત્ર પ્રસ્તાર થાય છે. જો કે પ્રસ્તારની સમસ્યા તો આ નવલકથામાં છે જ. પ્રમોદકુમાર પટેલે પણ આ સમસ્યા પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. તેમને તો આર્કિટેક્ટ ગૌતમનું પાત્ર જ અનિવાર્ય નથી જણાયું. આમ, ક્યાંક આવા રચનાદોષોને કારણે ભાવકને નવલકથાના વાચનમાં ખલેલ પડે છે. પરંતુ એકંદરે નવલકથા રસપૂર્ણ છે.

## ૧૦.૭. : ઉપસંહાર :

આમ, ક્ષમા અને તેના સંબંધમાં આવનાર પ્રત્યેક પાત્રની જુદી જુદી જીવનભૂમિકા છે, પણ આખરે આ સર્વની સમસ્યા એકસરખી છે. એ સમસ્યા છે નિમૂલનની. આ સમસ્યાએ તેમના ચિત્ત પર કેવા પ્રત્યાઘાતો પાડ્યા છે એ અને આ સર્વની ક્ષમાના ચિત્ત પર

કેવી અસર થાય છે એ આ નવલકથાના મનોવિશ્લેષણાત્મક અધ્યયનનો રસપૂર્ણ વિષય બની રહે છે.

## ૧૦.૮. : પાદટીપ :

૧. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૧૭

૨. અધીત : પર્વ-૧, સંપાદક : જે. એમ. ચંદ્રવાડિયા, ભરત પંડ્યા, સંજય મકવાણા, જશુ પટેલ અને ગણપત સોઢાપરમાર (પ્રસાદ બ્રહ્મભટ્ટનો અભ્યાસલેખ - 'ઊર્ધ્વમૂલ-ભગવતીકુમાર શર્મા'); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૬૪

૩. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા (ઊર્ધ્વમૂલના આરંભે મૂકાયેલી રઘુવીર ચૌધરીની પ્રસ્તાવના - 'વ્યક્ત ન થઈ શક્યાની વેદના...'); પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૮

૪. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૫૯

૫. એજન; પૃ. ૬૦

૬. એજન; પૃ. ૮૬

૭. ગુજરાતી કથાવિશ્વ - નવલકથા, સંપાદક : બાબુ દાવલપુરા અને નરેશ વેદ (ડૉ. પ્રમોદકુમાર પટેલનો અભ્યાસલેખ - 'ઊર્ધ્વમૂલ'); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૨૦૧૧; પૃ. ૨૯૨

૮. એજન; પૃ. ૨૮૯

૯. એજન; પૃ. ૨૯૩

૧૦. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા (ડૉ. ઋજુતા ગાંધીનો અભ્યાસલેખ - 'વિકાસના ત્રીજા તબક્કાની નવલકથા : 'ઊર્ધ્વમૂલ''); પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૩૬૧

૧૧. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૪૭

૧૨. એજન; પૃ. ૨૬

૧૩. એજન; પૃ. ૩૦

૧૪. એજન; પૃ. ૩૦

૧૫. એજન; પૃ. ૪૬

૧૬. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા (ડૉ. ઋજુતા ગાંધીનો અભ્યાસલેખ - વિકાસના ત્રીજા તબક્કાની નવલકથા : 'ઊર્ધ્વમૂલ'); પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૩૬૧

૧૭. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા; પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૧૬૨

૧૮. એજન; પૃ. ૨૪૦

૧૯. એજન; પૃ. ૧૯૬

૨૦. એજન; પૃ. ૧૯૮

૨૧. એજન; પૃ. ૨૧૩

૨૨. એજન; પૃ. ૨૦૦

૨૩. એજન; પૃ. ૩૫૪

૨૪. ગુજરાતી કથાવિશ્વ - નવલકથા, સંપાદક : બાબુ દાવલપુરા અને નરેશ વેદ (ડૉ. પ્રમોદકુમાર પટેલનો અભ્યાસલેખ - 'ઊર્ધ્વમૂલ'); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૨૦૧૧; પૃ. ૨૮૯

૨૫. ઊર્ધ્વમૂલ, ભગવતીકુમાર શર્મા (ડૉ. ઋજુતા ગાંધીનો અભ્યાસલેખ - વિકાસના ત્રીજા તબક્કાની નવલકથા : 'ઊર્ધ્વમૂલ'); પ્રકાશન : આદર્શ પ્રકાશન, અમદાવાદ; ૪થી આવૃત્તિ, ૨૦૧૨; પૃ. ૩૬૭

૨૬. એજન; પૃ. ૩૬૭